# Government Arts College, Kaparada

# સરકારી વિનયન કોલેજ, કપરાડા

મુ.પો.- કપરાડા, નિશાળ ફળિયા, પાણીની ટાંકી પાસે, તા.- કપરાડા, જી.- વલસાડ પિનકોડ નં. ૩૯૬ ૦૬૭.

સ્થાપના વર્ષ : ૨૦૧૨, ઇ-મેઇલ : gackaparada@gmail.com, web address :www.kapradacollege.org


---

GACK/2023/સપ્તધારા/સેવા સમુદાય ધારા/65 DATE:-09/02/2023

## અહેવાલ

સપ્તધારાની સેવા સમુદાય ધારા અંતર્ગત તા.09/02/2023 ના રોજ કોલેજ કેમ્પસ તથા કેમ્પસ બહાર સફાઈ અભિયાન હાથ ધરવામાં આવ્યું. આ કાર્યક્રમ કોલેજના આચાર્યશ્રીના માર્ગદર્શન હેઠળ યોજવામાં આવ્યો જેમાં સેવા સમુદાયધારાના કૉ-ઓર્ડિનેટરશ્રી ડૉ. પ્રફુલ્લ બી. કુરકુટિયા તથા અધ્યાપકશ્રીઓ અને 62 વિદ્યાર્થી ભાઈ-બહેનો અને 13 ગ્રામજનો સાથે મળીને કોલેજ કેમ્પસ તથા કેમ્પસ બહારના મુખ્ય રસ્તા તથા તેની આસપાસ પ્લાસ્ટિક તથા અન્ય કચરો ઉપાડીને સાફ – સફાઈનું કાર્ય કરવામાં આવ્યું.

સમગ્ર કાર્યક્રમને સુચારૂ રીતે કરી શકાય તે માટે અધ્યાપકો સાથે વિદ્યાર્થીઓની ૦૪ ટૂકડીઓ બનાવીને આ કાર્ય કરવામાં આવ્યું. જેમાં તમામ વિદ્યાર્થીઓ તથા અધ્યાપકશ્રીઓ ખૂબ જ ખંત અને જહેમતથી આ કાર્યને સફળ બનાવવામાં સહયોગ આપ્યો. આ સાફ-સફાઈ કાર્યમાં જે કચરો એકત્રિત કરવામાં આવ્યો તેનો નિકાલ ગ્રામ પંચાયત કપરાડાની કચરો ઉપાડવાની ગાડીમાં ભરીને તેનો યોગ્ય નિકાલ માટે મોકલવામાં આવ્યો.

સમગ્ર કાર્યક્રમમાં સંસ્થાના આચાર્યશ્રી પણ સતત હાજર રહી વિદ્યાર્થીઓની સાથે સાફ-સફાઈનું કાર્ય કરીને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. તેમજ ગ્રામજનો સાથે પોતાની આસપાસના વિસ્તારમાં સાફ-સફાઈ રાખી સ્વચ્છતા જાળવવાનો સંદેશા આપેલ. તેમજ કચરો કચરા પેટીમાં જ નાખવાની અને કચરાપેટી રાખવાનું નમ્ર સૂચન કરેલ. જે સૂચનને ગ્રામજનોએ સહર્ષ સ્વીકારી આ સંદેશ આગળ પણ ફેલાવવાની ખાતરી આપેલ. જે બાબત કોલેજ દ્વારા માટે ખૂબ જ હકારાત્મક રહી.

કાર્યક્રમના અંતમાં આચાર્યશ્રીએ કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ વિદ્યાર્થીઓ અને અધ્યાપકોનો આભાર માની કાર્યક્રમને પૂર્ણ જાહેર કરવામાં આવેલ.

Govt. Arts College-Kaparada * Dist.Valsad

Principal,
Govt. Arts College-Kaparada
Ta. Kaprada, Dist. Valsad.